બિન સરકારી ગ્રાન્ટ ન લેતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓની પેન્શન યોજના બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-બમશ-૨૦૦૪-૧૨૬૨-છ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૩-૧-૨૦૦૭

વંચાણે લીધા:-

(૧) ભૂતપૂર્વ શિક્ષણ અને મજુર વિભાગનો તા.૨૧-૧૨-૭૧નો સરકારી ઠરાવ ક્રમાંક-એસએસએન-૩૪૭૦-૪૧૮૪૫-ગ

(૨) શિક્ષણ વિભાગનો પરિપત્ર ક્રમાંક-એસએસએન-૩૪૭૩-૩૨૭૯૯-ગ તા.૨૯-૫-૭૪

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૯-૧૨-૭૭નો ઠરાવ ક્રમાંક-એસએસએન-૩૪૭૫-૮૪૫૪૮-૭૭-ગ

(૪) શિક્ષણ વિભાગનો તા.૩૧-૮-૭૯નો ઠરાવ ક્રમાંક-એસએસએન-૩૪૭૭-૧૦૬૨૫-ગ

(૫) શિક્ષણ વિભાગનો તા.૫-૨-૮૦નો ઠરાવ ક્રમાંક-એસએસએન-૧૧૭૭-૩૮૯૪-ગ

(૬) શિક્ષણ વિભાગનો તા.૨૮-૯-૯૨નો ઠરાવ ક્રમાંક-બમશ-૧૧૯૨-૧૮૩૨-છ

ઠ રા વ :-

આમુખ-(૧) માં દર્શાવેલ ભૂતપૂર્વ શિક્ષણ અને મજુર વિભાગના તા.૨૧-૧૨-૭૧ના સરકારી ઠરાવથી રાજ્યમાં ચાલતી સર્વે ગ્રાન્ટેબલ શાળાના કર્મચારીઓને પેન્શન યોજના લાગુ પાડવામાં આવી છે. પરંતુ તે વખતે સધ્ધર અને સગવડ સંપન્ન ખાનગી સંસ્થાઓ દ્વારા ચાલતી ગ્રાન્ટ ન લેતી માધ્યમિક શાળાના કર્મચારીઓને પેન્શન યોજના લાગુ પાડવામાં આવી ન હતી. સામાન્ય રીતે એવી સંસ્થાઓ દાતાઓ પાસેથી સારા એવા ડોનેશન મેળવીને તથા વિદ્યાર્થીઓ પાસેથી સામાન્ય ફી ઉઘરાવીને શાળાઓ ચલાવતા હતા. પરંતુ આવી શાળાઓ પાસે તેમના કર્મચારીઓને પેન્શન ચૂકવવા કોઇ લાંબાગાળાના ભંડોળની કે કાયમી ચૂકવણાની કોઇ વ્યવસ્થા ઉપલબ્ધ હોતી નથી. જેને કારણે સંસ્થા આવી કોઇ વ્યવસ્થા કરી શકે તેમ ન હોવાથી આવી શાળાઓને સી.પી.એફ. યોજના લાગુ પાડવામાં આવી હતી તે જ વ્યવસ્થા ચાલુ રાખેલ. પરંતુ ગ્રાન્ટેબલ બિન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને સને ૧૯૭૧ના ઠરાવથી સને ૧૯૬૯થી પેન્શન યોજના લાગુ પાડવામાં આવી, ત્યારબાદ ગ્રાન્ટ ન લેતી શાળાઓના કર્મચારીઓ તરફથી અવાર નવાર માંગણી કરવામાં આવતાં સરકારે આમુખ-૫ માં દર્શાવેલ તા.૫-૨-૮૦ના ઠરાવથી રાજ્યમાં આવેલ સ્વૈચ્છિક રીતે ગ્રાન્ટ ન લેતી તથા વહીવટી રીતે ગ્રાન્ટ ન આપવામાં આવતી હોય તેવી બિન સરકારી માધ્યમિક શાળાના અને પ્રાથમિક અધ્યાપન મંદિરોના કર્મચારીઓને કેટલીક શરતોને આધિન પેન્શનપાત્ર ગણવાના હુકમો કરવામાં આવેલ છે અને આમુખ-૬ માં

દર્શાવેલ તા.૨૮-૯-૯૨ના સરકારી ઠરાવથી જુન-૯૨ થી ગ્રાન્ટ ન લેવાની શરતે નોંધાયેલી માન્ય બિન સરકારી માધ્યમિક શાળાની નોકરી પેન્શનપાત્ર નહી ગણવા હુકમો બહાર પાડવામાં આવેલ છે. જે અંગે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

૧. સને ૧૯૭૧માં રાજયમાં ૭+૪ પેટર્ન અમલમાં હતી એટલેકે પ્રાથમિકના ૭ વર્ષ પછી માધ્યમિકના ૪ વર્ષનો અભ્યાસક્રમ અમલમાં હતો. ત્યારબાદ સને ૧૯૭૫ના ઠરાવથી શૈક્ષણિક સત્ર ૧૯૭૬-૭૭ થી ૧૦+૨ ની પેટર્ન રાજયમાં લાગુ પાડવામાં આવી જેમાં પ્રથમ ૭ વર્ષ પ્રાથમિક પછી ૩ વર્ષ માધ્યમિક અને બાકીના બે વર્ષ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અમલમાં આવેલ છે.

સને ૧૯૭૧માં જે પેન્શન યોજના અમલમાં મુકી તેમાં માત્ર માધ્યમિક શાળાઓના કર્મચારીઓનો ઉલ્લેખ હતો પરંતુ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અમલમાં આવ્યા પછી તે હુકમોનો લાભ તેમને પણ મળે છે. ~~પરંતુ તે અંગેના કોઇ~~ હુકમો થયેલ નથી. જેથી સ્પષ્ટતા તરીકે જણાવવામાં આવે છે કે ગ્રાન્ટેબલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને તા.૨૧-૧૨-૭૧ના ઠરાવથી અમલમાં આવેલ યોજના અવાર નવાર થયેલ સુધારા વધારા સાથે લાગુ પડે છે.

૨. સને ૧૯૮૦માં ગ્રાન્ટ ન લેતી બિન સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓને પેન્શન યોજના લાગુ પાડી ત્યારે ૧૦+૨ પેટર્ન અમલમાં આવી ગઇ હતી. આમ માધ્યમિક શાળાઓ ઉપરાંત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પણ રાજયમાં હતી. જેથી તે હુકમો કર્યા તેમાં માધ્યમિક શાળાઓના ઉલ્લેખ સાથે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓનો ઉલ્લેખ પણ કરવો જોઇતો હતો. પરંતુ શરતચૂકથી જે તે સમયે તે રહી જવા પામેલ છે. આથી એ સ્પષ્ટતા કરવામાં આવે છે કે તા.૫-૨-૮૦નો ઠરાવ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને લાગુ પડે છે.

૩. તા.૨૮-૯-૯૨ના આમુખ-(૬) માં દર્શાવેલ ઠરાવથી જુન-૧૯૯૨થી કે ત્યારબાદ કાયમી ગ્રાન્ટ ન લેવાની શરતે નોંધાયેલી માન્ય બિન સરકારી માધ્યમિક શાળામાં નિમાયેલ કર્મચારીઓની નોકરી પેન્શનપાત્ર નહી ગણવાનું ઠરાવેલ છે. જેથી આવી જુન-૧૯૯૨ કે ત્યારબાદ કાયમી ગ્રાન્ટ ન લેવાની શરતોએ નોંધાયેલી બિન સરકારી માન્ય માધ્યમિક શાળાની જેમ ઉચ્ચતર માધ્યમિક શાળામાં તે ઠરાવની તારીખ બાદ જોડાયેલ કર્મચારીઓની નોકરી પણ પેન્શનપાત્ર ગણવાપાત્ર થતી નથી. તેવી સ્પષ્ટતા કરવામાં આવે છે. જુન-૧૯૯૨ પહેલાં નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જુન-૧૯૯૨ કે તે પછી નોકરીમાં જોડાયેલ કર્મચારીઓની નોકરી પેન્શનપાત્ર નથી તેમ સ્પષ્ટતા કરવામાં આવે છે.

૪. આમુખ-(૫) માં દર્શાવેલ ઠરાવથી વહીવટી કારણોસર ગ્રાન્ટ આપવામાં આવતી ના હોય તેવી બિન સરકારી માન્ય માધ્યમિક શાળાના કર્મચારીઓની નોકરી પેન્શનપાત્ર ગણવામાં

આવી છે. તે અંગે સ્પષ્ટતા કરવામાં આવે છે કે બિન સરકારી માન્ય ગ્રાન્ટેબલ શાળાઓના કર્મચારીઓને તા.૨૧-૧૨-૭૧ના આમુખ-(૧) માં દર્શાવેલ ઠરાવ અન્વયે પેન્શન યોજના લાગુ પાડવામાં આવેલ છે. અને તેમની નોકરી પેન્શનપાત્ર ગણવાનુ ઠરાવેલ છે. પરંતુ વહીવટી કારણોસર ગ્રાન્ટ બંધ કરવામાં આવી હોય તેવી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની નોકરી પેન્શનપાત્ર ગણવામાં આવશે.

૫. આ સ્પષ્ટતાઓ સ્વૈચ્છિક રીતે ગ્રાન્ટ ન લેતી તથા વહીવટી કારણોસર ગ્રાન્ટ ન આપવામાં આવતી હોય તેવા પ્રાથમિક અધ્યાપન મંદિરોના કર્મચારીઓને પણ લાગુ પાડવામાં આવે છે.

આ ઠરાવ શિક્ષણ વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઇલ ઉપરની નાણા વિભાગની તા.૧૫-૧૧-૨૦૦૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એમ.ગામીત)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
શિક્ષણ કમિશનરશ્રી, મ.ભો.યો અને શાળાઓ, ગુ.રા. ગાંધીનગર
પેન્શન અને પ્રો. ફંડ નિયામકની કચેરી, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (સબંધિત શાળઓને જાણ કરવાની વિનંતી સાથે)
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
સીલેકટ ફાઇલ/નાયબ સીલેકટ ફાઇલ